18

# ગુજરાત માહિતી આયોગ

બ્લોક નં.-૧, બીજા માળે, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ટેલીફોન નંબર- +૯૧ ૭૯ ૨૩૨ ૫૭૩૧૪, ૫૨૮૨૭, ૫૮૦૭૦
**ઇ-મેઇલ:** gscic@gujarat.gov.in **વેબસાઇટ:** www.gic.gujarat.gov.in

<u>તાત્કાલીક</u>

જીઆઇસી/અ-૨૧૭૮/અ-૨૭૩૯-૨૦૨૪/કોર્ટ કેસ યુનિટ
તા.૦૪-૦૨-૨૦૨૫

પ્રતિ,
અગ્ર સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
બ્લોક નં.૧૪/૯, નવા સચિવાલય,
સેક્ટર-૧૦ એ, ગાંધીનગર-૩૮૨૦૧૦.

વિષય : શ્રી નાનજીભાઇ કાળુભાઇ જીતીયા રહે, ખેરાળી, તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગર દ્વારા માહિતી અધિકાર અધિનિયમ એક્ટ -૨૦૦૫ હેઠળ કરવામાં આવતી અરજીઓ બાબત. ગુજરાત માહિતી આયોગનો તા.૦૧/૦૨/૨૦૨૫ નો સંયુક્ત હુકમ ક્રમાંક: અ-૨૧૭૮-૨૦૨૪, અ-૨૭૩૯-૨૦૨૪

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંગેનો ગુજરાત માહિતી આયોગનો તા.૦૧/૦૨/૨૦૨૫ નો અ-૨૧૭૮-૨૦૨૪ અને અ-૨૭૩૯-૨૦૨૪ ના સંયુક્ત હુકમની નકલ આ સાથે સામેલ છે. આ હુકમ અન્વયે આપના હસ્તકના તમામ જાહેર સત્તામંડળો ને જરૂરી સૂચના આપવા વિનંતી છે.

બિડાણ : ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,

(જયદીપ દ્વિવેદી)
સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર.

સો
5/2/25

ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેકટર-૧૦-એ, ગાંધીનગર
માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ અપીલ બાબત.

અપીલ નં- અ-૨૧૭૮-૨૦૨૪
અપીલ નં- અ-૨૭૩૯-૨૦૨૪

વિવાદી : શ્રી નાનજીભાઇ કાળુભાઇ જીતીયા
ઈન્દિરા આવાસ યોજના,
મુ.પો.ખેરાળી, વણકરવાસ
તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર - 363020

વિરુધ્ધ

પ્રતિવિવાદી : (૧) જાહેર માહિતી અધિકારી
ચીટનીશ ટુ ધી કલેકટર(રેવન્યુ-૨ શાખા)
કલેકટરશ્રીની કચેરી
જીલ્લા સેવા સદન,
સુરેન્દ્રનગર - 363002

(૨) જાહેર માહિતી અધિકારી
ચીટનીશ ટુ ધી કલેકટર
કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,
જમીન-૧/૨ શાખા, જીલ્લા સેવા સદન,
ટાવર રોડ, સુરેન્દ્રનગર - 363001

(૨) અપીલ સત્તાધિકારી
નિવાસી અધિક કલેકટર
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,
જન સેવા કેન્દ્ર, જિલ્લા સેવા સદન,
ટાવર રોડ, સુરેન્દ્રનગર - 363001

તા. ૧/૨/૨૦૨૫

ડૉ. સુભાષ સોની,
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત રાજ્ય સમક્ષ

(૧) સુનાવણીની તારીખ : ૨૯/૦૧/૨૦૨૫

(૨) આયોગ સમક્ષ રજૂ થયેલ કાગળોની વિગત:-

| ક્રમ | વિગત | અ-૨૧૭૮-૨૦૨૪ | અ-૨૭૩૯-૨૦૨૪ |
|---|---|---|---|
| (i) | નમૂના-કની અરજી | ૧૩/૦૩/૨૦૨૪ | ૦૩/૦૪/૨૦૨૪ |
| (ii) | જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર | ૨૬/૦૩/૨૦૨૪<br>૦૬/૦૪/૨૦૨૪<br>૧૯/૦૪/૨૦૨૪ | ૩૦/૦૪/૨૦૨૪ |
| (iii) | પ્રથમ અપીલ | ૩૦/૦૩/૨૦૨૪ | ૦૪/૦૫/૨૦૨૪ |
| (iv) | પ્રથમ અપીલ અધિકારીનો હુકમ | ૨૪/૦૪/૨૦૨૪ | ૩૦/૦૫/૨૦૨૪ |
| (v) | બીજી અપીલ | ૦૨/૦૫/૨૦૨૪ | ૦૭/૦૬/૨૦૨૪ |
| (vi) | વિવાદીની રજૂઆત | ૨૦/૦૧/૨૦૨૫ | ૨૦/૦૧/૨૦૨૫ |
| (vii) | જાહેર માહિતી અધિકારીનો અહેવાલ | ૨૪/૦૭/૨૦૨૪ | |
| (viii) | પ્રથમ અપીલ અધિકારીનો અહેવાલ | ૩૧/૦૭/૨૦૨૪ | ૩૧/૦૭/૨૦૨૪ |

(3) સુનાવણીમાં ઉપસ્થિત પક્ષકારો:-

વિવાદી : શ્રી નાનજીભાઇ કાળુભાઇ જીતીયા ઉપસ્થિત રહેલ નથી.

પ્રતિવિવાદી: (૧) જાહેર માહિતીઅધિકારી અને ચીટનીશ ટુ ધી કલેકટર(રેવન્યુ-૨ શાખા),જીલ્લા સેવા સદન, સુરેન્દ્રનગર શ્રી રવિભાઇ ડોડિયા, નાયબ મામલતદાર વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

(૨) શ્રી સુરેશભાઇ જાસપરા, જાહેર માહિતી અધિકારી અને ચીટનીશ ટુ ધી કલેકટર, કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જમીન-૧/૨ શાખા, જીલ્લા સેવા સદન,

સુરેન્દ્રનગર વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

(૩) પ્રથમ અપીલ સત્તાધિકારી અને નિવાસી અધિક કલેકટર, કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, સુરેન્દ્રનગર વતી શ્રી પી.જે.દવે, પી.આર.ઓ. વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

(૪) ઉક્ત બન્ને અપીલ અન્વયે આયોગ સમક્ષ રજૂ થયેલ વિવાદીની બીજી અપીલની ટૂંકી વિગતોઃ-

જાહેર માહિતી અધિકારીએ સમયમર્યાદા બાદ અધૂરી, ખોટી અને વણમાંગેલ માહિતી આપેલ છે. નિયત સમયમર્યાદામાં અરજી તબદીલ કરેલ નથી. પ્રથમ અપીલ સત્તાધિકારીએ સુનાવણીમાં રજૂઆતની તક આપ્યા વગર હુકમ કરેલ છે. આથી, વિનામૂલ્યે માહિતી અપાવવા, ખર્ચ અને વળતર અપાવવા, જાહેર માહિતી અધિકારીને દંડ કરવા અને કાર્યવાહી માટે ભલામણ કરવા રજૂઆત કરેલ છે.

(૫) આયોગ સમક્ષ સુનાવણી અને હુકમ:-

આયોગ દ્વારા વિવાદીની લેખિત રજૂઆત ધ્યાને લેવામાં આવેલ છે.

આયોગ દ્વારા વિવાદીની જુદી જુદી કુલ ૧૧(અગિયાર) બીજી અપીલની સુનાવણી આજે યોજવામાં આવેલ છે. આ તમામ અપીલો સંબંધિત નમૂના-"ક"ની અરજીની વિગતો જોતા, વિવાદી દ્વારા જણાવવામાં આવેલ છે કે, તેઓ બી.પી.એલ. ધારક હોવાથી, માહિતી મફત મળવાપાત્ર છે તથા તેઓએ સરકારશ્રીની ઓનલાઇન કે વેબસાઇટનો જાતે ઉપયોગ કરીને, ખર્ચકરીને માહિતી લેવાની થતી નથી.

આજરોજ રજૂ થયેલ તમામ બીજી અપીલને સંબંધિત રજૂઆતો જોતા, વિવાદી દ્વારા મોટા ભાગે એક જ પ્રકારની રજૂઆત કરવામાં આવેલ છે. બીજી

અપીલ અન્વયે વિવાદી દ્વારા રજૂઆતો કરવામાં આવેલ છે કે, તેઓ બી.પી.એલ. ધારક હોવાથી, માહિતી વિનામૂલ્યે મળવાપાત્ર છે. રૂબરૂ ઉપસ્થિત થવાનો ખર્ચ થતો હોવાથી, રૂબરૂ હાજર રહેલ નથી. તેઓની રજૂઆત ધ્યાને લઇને હુકમો કરવામાં આવે. પ્રથમ અપીલ સત્તાધિકારી દ્વારા ગુણદોષના આધારે નિષ્પક્ષીય હુકમ કરવામાં આવતા નથી. આયોગ દ્વારા તેઓની રજૂઆત ધ્યાને લીધા સિવાય અપીલ નામંજૂર/દફતરે કરવામાં આવે છે.

વિવાદી દ્વારા તેઓની નમૂના-"ક"ની મોટાભાગની અરજીઓ અન્વયે જુદી જુદી બાબતો ઉપસ્થિત કરીને પ્રત્યેક બાબતે લેવામાં આવેલ નિર્ણય સંબંધમાં સરકારશ્રીના લાગુ પડતા પરિપત્ર, ઠરાવ, નિતિ, નિયમોની વિગતો સહિત આધાર પુરાવાની માહિતી માંગવામાં આવેલ છે.

માહિતી અધિકાર અધિનિયમમાં માહિતી માંગવા માટે નીચે મુજબ જોગવાઇ કરવામાં આવી છે.

- કલમ-૬(૧) : "આ અધિનિયમ હેઠળ કોઇ માહિતી મેળવવા માંગતી વ્યક્તિએ, અંગ્રેજી અથવા હિન્દી અથવા જે વિસ્તારમાં અરજી કરવામાં આવતી હોય તેની રાજભાષામાં લેખિતમાં અથવા ઇલેક્ટ્રોનિક માધ્યમ મારફતે અને ઠરાવવામાં આવે તેટલી ફી સાથે તેણે અથવા તેણીએ માંગેલી માહિતીની વિગતો નિર્દિષ્ટ કરીને........"

- માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-"ક"ના ક્રમ-(૩)ની જોગવાઇઓ નીચે મુજબ છે.

| ક્રમ નં. | જરૂરી માહિતીની ચોકકસ બાબતો/વિગતો(ટૂંકમાં) | જરૂરી માહિતીનો ચોકકસ સમયગાળો |
|---|---|---|
| | | |

- માહિતી અધિકાર અધિનિયમની કલમ – ૭ (૯) માં માહિતી માંગવા સંબંધમાં નીચે મુજબ જોગવાઇ કરવામાં આવી છે.

કલમ-૭(૯) : "સામાન્ય રીતે માહિતી જે સ્વરૂપમાં માંગવામાં આવી હોય તે સ્વરૂપમાં જ પૂરી પાડવી જોઇશે, સિવાય કે તેનાથી જાહેર સત્તામંડળના સ્ત્રોતો

અપ્રમાણસર રીતે બદલાય અથવા વિવાદગ્રસ્ત રેકર્ડની સલામતી અને જાળવણીને હાનિ થાય તેમ હોય."

આમ, વિવાદીએ માહિતી અધિકાર અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-"ક"ના ક્રમ-(૩)ની જોગવાઇઓ અનુસાર, જોઇતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવીને માહિતીની માંગણી કરવાની રહે છે. આવી માહિતી માંગતી વખતે જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થવો જોઇએ નહીં.

વિવાદી દ્વારા જે રીતે માહિતી માંગવામાં આવે છે તે રીત અધિનિયમની જોગવાઇઓ સાથે સુસંગત નથી. આ રીતે માહિતી માંગવાથી, ઉકત જોગવાઇઓ અનુસાર, તેઓને કોઇ માહિતી મળવાપાત્ર નથી. વિવાદી દ્વારા વિશાળ સંખ્યામાં અરજીઓ કરીને માંગવામાં આવતી માહિતીના કારણે કોઇ એક વ્યક્તિ દ્વારા કરવામાં આવતી અરજીઓના કારણે જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થઇ રહ્યો છે.

વિવાદી દ્વારા માંગવામાં આવેલ માહિતી પરત્વે સામાન્યત: રીતે સંબંધિત જાહેર માહિતી અધિકારીઓ દ્વારા અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-"ક"ના ક્રમ-(૩)ની જોગવાઇઓ અનુસાર જોઇતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવીને માહિતી માંગવા માટે જણાવવામાં આવે છે અને/અથવા જે તે જાહેર સત્તામંડળની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ પ્રો-એક્ટિવ ડિસ્ક્લોઝરમાંથી માહિતી મેળવી લેવા માટે સંબંધિત જાહેર સત્તામંડળની વેબસાઇટના ચોક્કસ વેબપેજ લીંકની માહિતી વિવાદીને આપવામાં આવતી હોવા છતાં, વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ માહિતી મેળવી લેવાના બદલે વિવાદી દ્વારા પ્રથમ અપીલ અને ત્યારબાદ બીજી અપીલ કરવાનું પસંદ કરવામાં આવે છે.

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની જોગવાઇઓ અનુસાર, જે માહિતી જાહેર સત્તામંડળ પાસે જ છે અને નાગરિકો મેળવી શકતા નથી તેવી જ માહિતી માંગવાની રહે છે. સ્વંયપ્રસિધ્ધ કરેલી માહિતી બી.પી.એલ. કાર્ડધારક સહિત તમામ નાગરિકે જાતે મેળવી લેવાની રહે છે. **Public Domain**માં મૂકવામાં આવેલ માહિતી "જાહેર" હોવાથી, તેની માંગણી અનુચિત છે.

(૧) અગાઉ આયોગ દ્વારા અપીલ નં.અ-૪૪૨૦-૨૦૨૧માં તા.૩૧/૦૧/૨૦૨૨ના રોજ હુકમો કરીને વિવાદીને નીચે મુજબ જણાવવામાં આવેલ છે.

"…..તેઓની માંગણી પૈકી મોટાભાગની માહિતી www.charitycommissioner.gujarat.gov.in વેબસાઇટ પર ઉપલબ્ધ છે. વેબસાઇટ પરથી પણ તેઓ માહિતી મેળવી શકે છે….."

(૨) અગાઉ આયોગ દ્વારા અપીલ નં.અ-૩૩૬૦-૨૦૨૨માં તા.૦૭/૧૨/૨૦૨૨ના રોજ હુકમો કરીને વિવાદીને નીચે મુજબ જણાવવામાં આવેલ છે.

"…….વિવાદીની વિસ્તૃત મુદ્દાઓમાં અને અવાર-નવાર માહિતી માંગતી વિવિધ અરજીઓ કરી જાહેર હિત વિરૂધ્ધની અને જાહેર સત્તામંડળના કામમાં અવરોધરૂપ કાર્યવાહી કરવાની ચેષ્ટાને ધ્યાને લઇ આયોગ વિવાદી શ્રી નાનજીભાઇ કાળુભાઇ જીતીયાને ચેતવણી આપે છે કે હવે પછી માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ માંગવામાં આવતી માહિતી બાબતે વિવેકપૂર્ણ રીતે અધિકારનો ઉપયોગ કરવો. જાહેરહિતની હોય માત્ર તેવી જ મર્યાદિત માહિતી માંગતી અરજી કરવી અન્યથા આયોગ દ્વારા તેમની કોઇ પણ અરજી રાજયના કોઇ પણ જાહેર સત્તામંડળના કોઇ પણ જાહેર માહિતી અધિકારીને મળે તો, તે માટે અરજી ફી ભરી, તેમજ જે માહિતી આપવામાં આવે તે માટે નિયત ફી વસૂલ કરીને જ પૂરી પાડવા આયોગને હુકમ કરવાની ફરજ પડશે. તેમજ બિનઉપયોગી અને દ્વેષભાવનાવાળી અરજી અન્વયે આ પ્રકારની અરજીઓના જવાબો, પ્રથમ અપીલ અને બીજી અપીલ અન્વયે જાહેર સત્તામંડળ દ્વારા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવતી માહિતી ઉપર પ્રતિબંધ મૂકવા અંગે અને જાહેર સત્તામંડળને કરવા પડતા સમયના વ્યયની કિંમત તેઓ પાસેથી વસૂલવાની આયોગને ફરજ પડશે….."

(૩) અગાઉ આયોગ દ્વારા અપીલ નં.અ-૪૨૯૧-૨૦૨૨ અને અન્ય અપીલમાં તા.૧૫/૦૨/૨૦૨૨ના રોજ હુકમો કરીને વિવાદીને નીચે મુજબ જણાવવામાં આવેલ છે.

"…….નમૂના-કની અરજીના મુદ્દા નં.(૧) થી (૮) માં તેઓએ અનઅધિકૃત દબાણ તથા અન્ય મુદ્દાઓ સંદર્ભે માર્ગદર્શન સ્વરૂપે સરકારના વિવિધ પરિપત્રો, ઠરાવો,

નીતિ નિયમો વગેરેની નકલોની માંગણી કરેલ છે. રાજય સરકારના પરિપત્રો, ઠરાવો, નીતિ નિયમો, મહેસૂલ વિભાગની વેબસાઇટ ઉપર ઓનલાઇન ઉપલબ્ધ છે. કલેકટર કચેરીના વેબસાઇટ ઉપર પણ આ વિગતો ઉપલબ્ધ છે. જો અરજદારને આવા કોઇ પરિપત્રોની જરૂર હોય તો, તેઓએ વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી શકે છે. જે મુદ્દાઓની માહિતી **Public Domain** માં મૂકી દેવામાં આવી હોય પછી તે માહિતી માટે સંબંધિત જાહેર માહિતી અધિકારી કસ્ટોડીય ગણાતા નથી. આ પ્રકારની માહિતી કોઇ પણ નાગરિક માટે ઓનલાઇન ઉપલબ્ધ છે. તેમાંથી તેઓ ડાઉનલોડ કરી શકે છે. વળી, સંબંધિત ઠરાવ, પરિપત્રો કે નીતિ નિયમોની જોગવાઇઓનું અર્થઘટન કરીને પૂરી પાડવાની કોઇ જોગવાઇ માહિતી અધિકાર અધિનિયમમાં નથી. માહિતી જે સ્વરૂપે ઉપલબ્ધ હોય તે સ્વરૂપે જ આપવાપાત્ર બને છે. આથી, આ મુદ્દાઓ સંદર્ભે સંબંધિત જાહેર માહિતી અધિકારીઓ દ્વારા જે જવાબો પાઠવવામાં આવેલ છે. જે યોગ્ય છે. વિવાદીને વારંવાર રેકર્ડ નિરીક્ષણની તક આપવામાં આવેલ છે,પરંતુ, તેઓ રેકર્ડ નિરીક્ષણ માટેઉપસ્થિત રહેતા નથી. જાહેર માહિતી અધિકારી અને મામલતદાર, વઢવાણ દ્વારા પણ રજૂઆત કરી કે, તેઓની વેબસાઇટ ઉપર જરૂરી ઠરાવો ઉપલબ્ધ છે અને તલાટી કમ મંત્રીએ કરેલ સ્પષ્ટતા યોગ્ય છે...”

આમ છતાં, વિવાદી દ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અપ્રમાણસર અરજીઓ કરવાનું ચાલુ રાખવામાં આવેલ છે.

આયોગ પાસે ઉપલબ્ધ માહિતી અનુસાર વિવાદી દ્વારા આયોગ સમક્ષ છેલ્લા દશ વર્ષમાં, વર્ષવાર નીચે મુજબની બીજી અપીલ/ફરિયાદ રજૂ કરવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | આયોગમાં રજૂ થયેલ બીજી અપીલ/ફરિયાદની સંખ્યા |
|---|---|---|
| 1 | 2016 | 23 |
| 2 | 2017 | 20 |
| 3 | 2018 | 22 |
| 4 | 2019 | 69 |
| 5 | 2020 | 0 |
| 6 | 2021 | 82 |
| 7 | 2022 | 90 |

| | | |
|---|---|---|
| 8 | 2023 | 51 |
| 9 | 2024 | 78 |
| 10 | 2025 | 13 |
| | Total | 448 |

આયોગને અનુભવે જણાયું છે કે, વિવાદી પ્રથમ અપીલની કે બીજી અપીલની સુનાવણીમાં ઉપસ્થિત રહેતા નથી. વિવાદી દ્વારા અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-"ક"ના ક્રમ-(૩)ની જોગવાઇઓ અનુસાર જોઇતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવીને માહિતીની માંગણી કરવામાં આવતી નથી. વિવાદી દ્વારા જે તે જાહેર સત્તામંડળની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ હોય તેવી માહિતી માંગવામાં આવે છે.

<u>ઉક્ત પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત અપીલને સંબંધિત હકીકતો અને નિર્ણય</u>

અપીલ ક્રમાંક- અ-૨૧૭૮-૨૦૨૪ને સંબંધિત આયોગ પાસે ઉપલબ્ધ વિવાદીની તા.૧૩/૦૩/૨૦૨૪ની અરજીને વિગતો જોતા, વિવાદી દ્વારા વિવિધ બાબતો અંગેના કુલ-૧૧ મુદ્દાઓમાં સરકારશ્રીના પરિપત્ર, ઠરાવ, નિતિ, નિયમ વગરેના આધાર-પુરાવાની માહિતીની માંગણી કરવામાં આવેલ છે.

વિવાદી દ્વારા જોઇતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવવામાં આવેલ ન હોવાથી, જાહેર માહિતી અધિકારી દ્વારા રાજ્ય સરકારના મહેસુલ વિભાગની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ GR Bookના ચોક્કસ વેબપેજ લીંકની માહિતી વિવાદીને તા.૨૬/૦૩/૨૦૨૪ અને તા.૧૯/૦૪/૨૦૨૪ના પત્રોથી મોકલી આપવામાં આવેલ છે, જેને પ્રથમ અપીલ સત્તાધિકારી દ્વારા યોગ્ય ઠરાવવામાં આવેલ છે.

અપીલ ક્રમાંક- અ-૨૭૩૯-૨૦૨૪ને સંબંધિત વિવાદીની તા.૦૩/૦૪/૨૦૨૪ની અરજીના કુલ ૧૪ મુદ્દાઓ અન્વયે વિવાદી દ્વારા વિવિધ બાબતો અંગેના રાજ્ય સરકારના પરિપત્ર, ઠરાવ, પદ્ધતિઓ, નિર્ણયો, નિતિ, નિયમોના આધાર-પુરાવાની માહિતી માંગવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકારી દ્વારા તા.૩૦/૦૪/૨૦૨૪ના પત્રથી વિવાદીને

જણાવેલ છે કે, તેઓએ માંગેલ માહિતીમાં ચોક્કસ પરિપત્ર/ઠરાવના ચોક્કસ નંબર/તારીખ દર્શાવેલ ન હોવાથી, જોઇતા હુકમના ચોક્કસ નંબર અને તારીખ દર્શાવીને, નવેસરથી અરજી કરવી. આ ઉપરાંત વિવાદીને જણાવવામાં આવેલ છે કે, રાજ્ય સરકારના મહેસુલ વિભાગની વેબસાઇટ પર તેઓ દ્વારા માંગવામાં આવેલ હુકમની માહિતી ઉપલબ્ધ હોવાથી, મહેસુલ વિભાગની વેબસાઇટની ચોક્કસ વેબપેજ લીંકની માહિતી મોકલી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારીના નિર્ણયને પ્રથમ અપીલ સત્તાધિકારીએ યોગ્ય ઠરાવેલ છે.

આયોગ પાસે ઉપલબ્ધ વિવાદીની ઉક્ત અપીલને સંલગ્ન નમૂના-"ક"ની અરજીઓની વિગતો જોતા, વિવાદી દ્વારા અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-"ક"ના ક્રમ-(૩)ની જોગવાઇઓ અનુસાર, જોઇતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવ્યા સિવાય માહિતીની માંગણી કરવામાં આવેલ હોવા છતાં, જાહેર માહિતી અધિકારી દ્વારા મહેસુલ વિભાગની વેબસાઇટની ચોક્કસ વેબપેજ લીંકની માહિતી મોકલી આપવામાં આવેલ હોવાથી આયોગ દ્વારા આપવામાં આવેલ માહિતી "યોગ્ય અને પર્યાપ્ત" ગણવામાં આવે છે.

આમ છતાં, વિવાદીએ અરજીમાં ઉલ્લેખ કરેલ રિવિઝન કેસ નં.૬૨/૨૦૨૨, નોંધ નં.૧૭૮૦૧ અને કાચી નોંધ નંબર ૧૪૧૨૪ સંદર્ભમાં વિવાદીનો મૂળ પ્રશ્ન સમજી, તેઓને જોઇતી માહિતી આપવા માટેના હુકમો થઇ શકે તે હેતુસર આયોગ દ્વારા જાહેર માહિતી અધિકારી સાથે પરમર્શ કરવામાં આવતા જાહેર માહિતી અધિકારી દ્વારા તા.૨૯/૦૧/૨૦૨૫ના પત્રથી નીચે મુજબની હકિકતો આયોગના ધ્યાન ઉપર રજૂ કરવામાં આવેલ છે.

"અરજદારશ્રી દ્વારા અત્રેની કચેરીમાં ચાલી ગયેલ આર.આર.ટી. રીવીઝન કેસ નં.૬૨/૨૦૨૨ બાબતે રજુઆત કરેલ છે જે અંગેના કેસ અનુસાર,

(1) મોજે.ખોડુ તા.વઢવાણ સ.નં.૭૭૮ (જુનો સ.નં.૯૨૭) હે.૧-૫૬-૪૩ આરે વાળી જમીન કાળુભાઇ ગોવાભાઇ વિ ના નામે ચાલે છે જે પૈકી કાળુભાઈ ગોવાભાઈનું તા.૧૩/૧૦/૨૦૧૦ના રોજ અવશાન થતા તેઓના સીધીલીટીના વારસો નાનજીભાઈ કાળુભાઇ જીતીયા, લક્ષ્મીબેન કાળુભાઇ જીતીયા, મનજીભાઇ કાળુભાઇ જીતીયાનું નામ ગામ દફતરે દાખલ કરવા અરજી રજુ થતા, ગામ

દફતરે વારસાઇ અંગેની ફેરફાર નોંધ નં.૧૪૧૨૪ તા.૦૩/૦૩/૨૦૧૪ ના રોજ દાખલ થયેલ જે નોંધ તા.૦૨/૦૬/૨૦૧૪ ના રોજ મામલતદારશ્રી, વઢવાણ દ્વારા ૧૩૫-ડી ની નોટીસ બજેલ ન હોય, પેઢીઆંબો વર્ષ-૨૦૧૦ નો છે, વારસદારોની ખરાઇ થતી ન હોય નોંધ નામંજુર કરેલ છે.

(2) પેરા-૧ માં જણાવેલ વારસાઈ નોંધ નં.૧૪૧૨૪ નામંજુર થતા તે નિર્ણય સામે અરજદારશ્રી નાનજીભાઇ કાળુભાઇ જીતીયા દ્વારા નાયબ કલેકટરશ્રી, વઢવાણની કોર્ટમાં અપીલ અરજી દાખલ કરેલ જે અપીલ અરજી ચાલી જતા તેઓના તા.૨૧/૦૩/૨૦૨૨ના હુકમ ક્રમાંક.આર.આર.ટી. અપીલ નં.૨૪/૨૦૨૨ થી અરજદારશ્રી દ્વારા આશરે ૭ વર્ષના વિલંબથી અપીલ અરજી કરેલ હોય તેમજ વિલંબ માફી અંગેના જણાવેલ કારણો વ્યાજબી જણાતા ન હોય કે તેના સમર્થનમાં કોઇ ચોક્કસ પુરાવા રજુ કરેલ ન હોથ તેમજ મુદત તા.૨૧/૦૩/૨૦૨૨ ના રોજ મુદતે પેઢીઆંબો, સોગંદનામુ રજુ કરવા જણાવતા તેઓ કોઇ આધાર પુરાવા રજુ રાખવા માંગતા નથી તેમ જણાવેલ હોય, સદર અપીલ અરજી વિલંબના મુદ્દે તથા ગુણદોષના આધારે નામંજુર કરવા હુકમ કરવામાં આવેલ જેની ગામ દફતરે હુકમી નોંધ નં. ૨૨/૦૬/૨૦૨૩ ના રોજ દાખલ થયેલ અને તા.૧૦/૦૭/૨૦૨૩ ના રોજ નોંધ પ્રમાણિત કરવામાં આવેલ.

(3) પેરા-૨ માં જણાવેલ નાયબ કલેકટરશ્રી, વઢવાણના તા.૨૧/૦૩/૨૦૨૨ ના હુકમ ક્રમાંક આર.આર.ટી. અપીલ નં.૨૪/૨૦૨૨ સામે અત્રેની કોર્ટમાં તા.૧૮/૦૪/૨૦૨૨ ના રોજ જમીન મહેસૂલ નિયમોના નિયમ-૧૦૮(૬) હેઠળ રીવીઝન અરજી દાખલ કરતા, કેસ નં.આર.આર.ટી. રીવીઝન કેસ નં.૬૨/૨૦૨૨ થી કેસ રજીસ્ટરે લેવામાં આવેલ જેની પ્રથમ મુદત તારીખ ૨૫/૦૧/૨૦૨૩ મુકરર કરવામાં આવેલ ત્યારબાદ ઉત્તરોત્તર મુદતોને અંતે મુદત તારીખ ૨૫/૦૭/૨૦૨૪ ના રોજ કામ ઠરાવ પર લેવામાં આવેલ.

(4) ત્યારબાદ તા.૨૦/૦૯/૨૦૨૩ ના રોજ ઠરાવ બહાર પાડવામાં આવેલ જે ઠરાવના તારણની ટુકી વિગત નીચે મુજબ છે,

મોજે.ખોડ તા.વઢવાણ સ.નં.૭૭૮ (જુનો સ.નં. ૯૨૭) વાળી જમીન અરજદારશ્રીના સ્વ. પિતાશ્રી કાળુભાઈ ગોવાભાઇ વિગેરેના સંયુકત નામે ચાલે છે. અરજદારશ્રીના પિતાશ્રી કાળુભાઇ ગોવાભાઇનું તા.૧૩/૧૦/૨૦૧૦ ના રોજ

અવશાન થયા બાદ વારસાઈ નોંધ દાખલ કરવા અરજી કરતા સવાલવાળી જમીનમાં વારસાઇ અંગેની નોંધ નં.૧૪૧૨૪ તા.03/03/૨૦૧૪ ના રોજ દાખલ થયેલ, પરંતુ ૧૩૫-ડી ની નોટીસ બજેલ ન હોય તથા પેઢીઆંબો વર્ષ-૨૦૧૦ નો હોઇ, વારસદારોની ખરાઇ થતી ન હોવાનું કારણ જણાવી મામલતદારશ્રી, વઢવાણે તા.0૨/0૬/૨૦૧૪ ના રોજ નામંજુર કરવામાં આવેલ જે નિર્ણય નારાજ થઇ અરજદારશ્રી દ્વારા નાયબ કલેકટરશ્રી, વઢવાણ સમક્ષ તા.૧૧/૧૧/૨૦૨૧ ના રોજ અપીલ કરતા, નાયબ કલેકટરશ્રી, વઢવાણના આર.આર.ટી. અપીલ નં.૨૪/૨૦૨૨ તા.૨૧/03/૨૦૨૨ ના હુકમથી સમયમર્યાદાના તથા ગુણદોષના આધારે અપીલ અરજી સ્વીકારવાપાત્ર ન હોય, નામંજુર કરવા હુકમ કરવામાં આવેલ પરંતુ સવાલવાળી જમીન આ કામના અરજદારના ગુજરનાર પિતા તથા અન્યના સંયુકત નામે ચાલે છે તથા સરકારશ્રીના જોગવાઇ મુજબ મરણ જનાર ખાતેદારના સીધીલીટીના વારસોના નામો દાખલ કરવા ફરજીયાત છે તેમ જ વિલંબના કારણે અરજદારને તેઓના વારસા હકકથી વંચિત રાખી શકાય નહી જે ધ્યાને લેતા અરજદારશ્રીની રીવીઝન અરજી અંશત મંજુર કરવામાં આવેલ અને મોજે ખોડુ તા.વઢવાણ સ.નં.૭૭૮ (જુની સ.નં.૯૨૭) હે.૧-૫૬-૪૩ આરે વાળી જમીન પરત્વેની વારસાઇ અંગેની નોંધ નં.૧૪૧૨૪, તા.03/03/૨૦૧૪ નામંજુર કરવા અંગેનો મામલતદારશ્રી વઢવાનો તા.0૨/0૬/૨૦૧૪ નો નિર્ણય તથા નાયબ કલેક્ટરશ્રી, વઢવાણનો આર.આર.ટી. અપીલ નં.૨૪/૨૦૨૨ તા.૨૧/03/૨૦૨૨ નો નિર્ણય રદ કરવા હુકમ કરવામાં આવેલ અને સાથે સાથે અરજદારશ્રીએ મરણના દાખલા, તાજેતરના પેઢીઆંબો, વારસાઇ અંગેનું સોગંદનામું તથા તમામ સહહિસ્સેદારોના પત્રવ્યવહારના સરનામાં તથા અન્ય જરૂરી તમામ આધાર પુરાવા સાથે મામલતદાર કચેરી, વઢવાણ ખાતે નવેસરથી અરજી કરવાની રહેશે તેમ જ રજુ થયેલ અરજી અન્વયે ધોરણસરની નોંધ દાખલ કરવા તેમજ સદરહું નોંધ પરત્વે રેકર્ડઓફ રાઇટસના ધોરણે યોગ્ય તે નિર્ણય કરવા મામલતદારશ્રી, વઢવાણને જણાવવામાં આવે છે એ મુજબ તારણ કાઢી હુકમ કરવામાં આવેલ છે જે અંગેની હુકમી નોંધ નં. ૧૭૮૦૧ તા. ૧૦/૧૦/૨૦૨૩ ના રોજ દાખલ થઈ તા.૨૫/૧૦/૨૦૨૩ ના રોજ પ્રમાણિત થયેલ છે.

(5) પેરા-૪ માં જણાવેલ અત્રેના હુકમ સામે અરજદારશ્રી દ્વારા સચિવશ્રી, મહેસૂલ વિભાગ(વિવાદ), અમદાવાદ ખાતે જમીન મહેસૂલ નિયમનો નિયમ-૧૦૮(૬-એ) હેઠળ ફેરતપાસ અરજી દાખલ કરેલ જેનો કેસ નં.મવિવિ/હકપ/સનર/૫૦/૨૦૨૩

દાખલ થયેલ જે ચાલી જતા તા.૦૪/૦૬/૨૦૨૪ના હુકમથી અરજદારશ્રીની ફેરતપાસ અરજી નામંજુર કરવામાં આવેલ જે અંગેની હુકમી નોંધ નંબર ૧૮૧૨૧ તા. ૧૮/૦૬/૨૦૨૪ ના રોજ દાખલ થયેલ અને તા.૦૪/૦૭/૨૦૨૪ ના રોજ પ્રમાણિત થયેલ છે.

આમ, ઉપરોકત વિગતે હકિકત હોય અરજદારશ્રીની નોંધ/અપીલ/રીવીઝન અરજી ઉત્તરોત્તર નામંજુર/અંશતઃમંજુર થયેલ હોય તેમજ છેલ્લે મહેસૂલ વિભાગ(વિવાદ), અમદાવાદની કોર્ટમાં ફેરતપાસ અરજી નામંજુર થયેલ હોય, હવે સદર બાબતે કોઇ વાંધો કે તકરાર હોય તો અરજદારશ્રીએ સચિવશ્રી, મહેસૂલ વિભાગ (વિવાદ), અમદાવાદના તા.૦૪/૦૬/૨૦૨૪ના હુકમ ક્રમાંક, મવિવિ/હકપ/સનર/૫૦/૨૦૨૩ ના નિર્ણય સામે અરજદારશ્રીને સક્ષમ કોર્ટમાં અરજી દાખલ કરી યોગ્ય તે દાદ મેળવી લેવાની રહે.

વધુમાં, આપ સાહેબશ્રીનું ધ્યાન દોરવાનું કે, આપ સાહેબશ્રીની કોર્ટમાં ચાલી ગયેલ બીજી અપીલ નંબર ૫૫૪૧/૨૦૨૩ તથા બીજી અપીલ નંબર ૫૪૩૭/૨૦૨૩ ના ક્રમશઃ તા.૨૫/૧૦/૨૦૨૪ તથા તા.૨૮/૧૦/૨૦૨૪ના વચગાળાના હુકમથી ઉકત અરજદારશ્રીની રજુઆત પરત્વે સંયુકત ટીમની રચના કરી, અરજદારશ્રીની મુલાકાત લઇ અહેવાલ મોકલી આપવા જણાવતા અત્રેના તા.૧૧/૧૨/૨૦૨૪ ના પત્ર નં.જસપ/વશી-૩૦૨૭/૧૨/૨૦૨૪ થી વિગતવાર અહેવાલ આપ સાહેબશ્રીને મોકલી આપેલ છે જેની ટુંકી વિગત નીચે મુજબ છે.

"આપ સાહેબશ્રીના વચગાળાના હુકમ પરત્વે અત્રેથી તમામ સંબંધિત જાહેર માહિતી અધિકારી અને પ્રથમ અપીલ અધિકારીશ્રીની સંયુકત ટીમની રચના કરી, અરજદારશ્રીના રહેણાંકના સ્થળે રૂબરૂ મુલાકાત કરી તેઓને જરૂરી માહિતી સંદર્ભે વિગતવાર પુછતાછ કરવામાં આવેલ છે જે સંદર્ભે તેઓની રજુઆત અને પ્રશ્નોને ઉંડાણપૂર્વક અવલોકન કરતા અરજદારશ્રીને તેઓના માગ્યા મુજબની માહિતી પૈકી માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળના નિયમો અનુસાર જે માહિતી આપવા પાત્ર થતી હતી તે તમામ માહિતી આપવામાં આવેલ છે તેમજ અરજદારશ્રીએ અલગ-અલગ અરજીઓથી જે વર્ણાત્મક અને પ્રશ્નસ્વરૂપે માહિતી માગેલ છે તે આ કાયદા હેઠળ તેઓને મળવાપાત્ર થતી નથી તેવી પણ તેઓને સમજુતી આપવામાં આવેલ છે તેમજ

ત્યારબાદ હાજર રહેલ ટીમ દ્વારા અરજદારશ્રીને જણાવવામાં આવેલ કે, કલેકટર કચેરી, સુરેન્દ્રનગરની કોર્ટમાં ચાલી ગયેલ આર.આર.ટી. રીવીઝન કેસ નં.૬૨/૨૦૨૨ ના કામે કરવામાં આવેલ આખરી હુકમ પરત્વે તેઓને શું મુશકેલી છે? તે બાબતે અરજદારશ્રી દ્વારા જણાવેલ કે, આ હુકમ બાબતે થયેલ આજ્ઞા મુજબ મારે કોઈ પુરાવા રજુ કરવા નથી વળી પુરાવા રજુ કર્યા વગર ગામ નમૂના નંબર ૬ માં નોંધ દાખલ કરી દેવી તે સરકારશ્રીની જવાબદારી છે તેવુ અરજદારશ્રીએ મૌખીક રીતે જણાવેલ છે જેથી હાજર ટીમના તમામ સભ્યોએ તેઓને સમજુત કર્યા મુજબ જો કલેકટર સાહેબશ્રી, સુરેન્દ્રનગરના હુકમ સામે વાંધો કે તકરાર હોય તો ઉપરી કોર્ટમાં એટલે કે સચિવશ્રી, મહેસૂલ વિભાગ(વિવાદ), અમદાવાદની કોર્ટમાં અપીલ દાખલ કરવી પડે તે રીતે વિગતવાર તેઓને સમજુત કરવામાં આવેલ છે."

ઉક્ત અહેવાલની વિગતો ધ્યાને લેતા, માહિતી અધિકાર અધિનિયમની જોગવાઇઓની ઉપરવટ જઇ, વિવાદીનો પ્રશ્ન સમજી, તેઓને જરૂરી માહિતી/ માર્ગદર્શન આપવા માટે તમામ પ્રયાસો, તમામ સ્તરેથી કરવામાં આવેલ છે. આમ છતાં, વિવાદી તરફથી હકારાત્મક અને સકારાત્મક પ્રતિભાવ મળતો નથી, તે સ્પષ્ટ થાય છે.

વિવાદી બી.પી.એલ. કાર્ડ ધારક હોવા છતાં, તેઓ દ્વારા વિશાળ સંખ્યામાં અરજીઓ કરીને માંગવામાં આવતી માહિતીના કારણે કોઇ એક વ્યક્તિ દ્વારા કરવામાં આવતી અરજીઓના કારણે જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થઇ રહ્યો હોવાથી, આયોગને નીચેની બાબતો ધ્યાને લઇને, વિવાદી દ્વારા અયોગ્ય/અતિ/અપ્રમાણસર રીતે વિવિધ જાહેર સત્તામંડળોના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ ન થાય તે માટે વિચારણા કરવી જરૂરી જણાઇ છે.

(૧) સુપ્રિમ કોર્ટ દ્વારા સી.એ.નં.૬૪૫૪/૨૦૧૧માં તા.૦૯-૦૮-૨૦૧૧ના રોજ આપવામાં આવેલ ચુકાદાના ફકરા ક્રમાંક-૩૫ અને ૩૭ સહિત ચુકાદામાં કરવામાં આવેલ વિવિધ અવલોકનો ધ્યાને લેવામાં આવેલ છે. ફકરા ક્રમાંક-૩૫ અને ૩૭ની વિગતો નીચે મુજબ છે.:

"<u>Para-35</u> At this juncture, it is necessary to clear some misconceptions

about the RTI Act. The RTI Act provides access to all information that is available and existing. This is clear from a combined reading of section 3 and the definitions of 'information' and 'right to information' under clauses (f) and (j) of section 2 of the Act. If a public authority has any information in the form of data or analyzed data, or abstracts, or statistics, an applicant may access such information, subject to the exemptions in section 8 of the Act. But where the information sought is not a part of the record of a public authority, and where such information is not required to be maintained under any law or the rules or regulations of the public authority, the Act does not cast an obligation upon the public authority, to collect or collate such non available information and then furnish it to an applicant. A public authority is also not required to furnish information which require drawing of inferences and/or making of assumptions. It is also not required to provide 'advice' or 'opinion' to an applicant, nor required to obtain and furnish any 'opinion' or 'advice' to an applicant. The reference to 'opinion' or 'advice' in the definition of 'information' in section 2(f) of the Act, only refers to such material available in the records of the public authority. Many public authorities have, as a public relation exercise, provide advice, guidance and opinion to the citizens. But that is purely voluntary and should not be confused with any obligation under the RTI Act."

"Para-37 Indiscriminate and impractical demands or directions under RTI Act for disclosure of all and sundry information (unrelated to transparency and accountability in the functioning of public authorities and eradication of corruption) would be counter-productive as it will adversely affect the efficiency of the administration and result in the executive getting bogged down with the non-productive work of collecting and furnishing information. The Act should not be allowed to be misused or abused, to become a tool to obstruct the national development and integration, or to destroy the peace, tranquility and harmony among its citizens. Nor should it be converted into a tool of oppression or

intimidation of honest officials striving to do their duty. The nation does not want a scenario where 75% of the staff of public authorities spends 75% of their time in collecting and furnishing information to applicants instead of discharging their regular duties. The threat of penalties under the RTI Act and the pressure of the authorities under the RTI Act should not lead to employees of a public authorities prioritizing `information furnishing', at the cost of their normal and regular duties."

(૨) સુપ્રિમકોર્ટ દ્વારા સીવીલ અપીલ નંબર ૭૫૭૧/૨૦૧૧માં તા.૦૨/૦૯/૨૦૧૧ (The Institute of Chartered Accountants of India Vs. Shaunak H. Satya & Ors)ના રોજ આપવામાં આવેલ ચૂકાદાના પેરા નં.૨૬ માં નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છે:

" We however agree that it is necessary to make a distinction in regard to information intended to bring transparency, to improve accountability and to reduce corruption, falling under section 4(1) (b) and (c) and other information which may not have a bearing on accountability or reducing corruption. The competent authorities under the RTI Act will have to maintain a proper balance so that while achieving transparency, the demand for information does not reach unmanageable proportions affecting other public interests, which include efficient operation of public authorities and government, preservation of confidentiality of sensitive information and optimum use of limited fiscal resources."

ઉપરોકત પેરા નંબર-૨૬ માં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે માહિતી અધિકાર અધિનિયમના દુરૂપયોગના કારણે આ અધિનિયમમાં પ્રજા વિશ્વાસ ગુમાવે તેવું ન થાય તે માટે અધિનિયમનો દુરૂપયોગ અટકાવવા કાયદા મુજબ પગલાં ભરવાં જોઇએ.

(૩) હાઇકોર્ટ, નવી દિલ્હી દ્વારા W.P(C) No.845/2014માં તા.૦૫/૦૨/૨૦૧૪ના રોજ આપવામાં આવેલા ચૂકાદાના ફકરા નં.૧૦માં નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છે.

**"10. Consequently, this Court deems it appropriate to refuse to exercise its writ jurisdiction. Accordingly, present petition is dismissed. This Court is also of the view that misuse of the RTI Act has to be appropriately dealt with, otherwise the public would lose faith and confidence in this "sunshine Act". A beneficent Statute, when made a tool for mischief and abuse must be checked in accordance with law. A copy of this order is directed to be sent by the Registry to Defence and Law Ministry, so that they may examine the aspect of misuse of this Act, which confers very important and valuable rights upon a citizen."**

(૪) આમ છતાં વિવાદી દ્વારા "માહિતીનો અધિકાર"નો અપ્રમાણસર ઉપયોગ કરવાનું પ્રતિવર્ષ ચાલુ રાખવામાં આવેલ છે.

(૫) આટલી વિશાળ સંખ્યામાં વિવાદી દ્વારા અરજીઓ કરીને મેળવવામાં આવેલ માહિતીનો વિવાદી દ્વારા ક્યો (શું) ઉપયોગ કરવામાં આવે છે તે બાબત અનુત્તર રહે છે.

(૬) અધિનિયમના આમુખમાં દર્શાવેલ લોકશાહીના ઉચ્ચ આદર્શોને મૂર્તિમંત કરવાના ઉમદા આશયથી ઘડવામાં આવેલા આવા પવિત્ર અધિનિયમનો અપ્રમાણસર/અનિયંત્રિત ઉપયોગ સાથે માહિતી આયોગ સહિત લોકશાહીને વરેલી કોઇ સંસ્થા સંમત થઇ શકે નહીં.

(૭) જાહેર સત્તામંડળના સંસાધનોનો ઉપયોગ લોકોપયોગી સેવાઓ પૂરી પાડવા માટે કરવાનો રહે છે. ગણ્યા ગાંઠ્યા નાગરિકો દ્વારા માહિતી અધિકાર અધિનિયમના ઉપયોગના અપ્રમાણસર/અનિયંત્રિત ઉપયોગ થકી તેઓની વ્યવસ્થાઓ ખોરવાય નહીં તે જોવાની પવિત્ર જવાબદારી માહિતી આયોગ

સહિત લોકશાહીને વરેલી તમામ સંસ્થાઓની છે.

(૮) આયોગ દ્વારા અન્ય એક નાગરિકની અધિનિયમ અન્વયેની વર્તણૂંકના આધારે તેઓની રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનને સંબંધિત કોઇ અરજી ધ્યાને ન લેવા હુકમો કરવામાં આવેલ. આયોગના હુકમ વિરૂદ્ધ વિવાદી દ્વારા હાઇકોર્ટમાં કરવામાં આવેલ આર/એસ.સી.એ.નં. ૧૮૪૧૬-૨૦૨૩, તા.૦૭-૦૧-૨૦૨૫ના હુકમથી "ડીસમીસ્ડ" કરવામાં આવેલ છે.

(૯) નાછુટકે અધિનિયમના આમુખમાં જણાવ્યા અનુસાર, સંઘર્ષમાં આવતા હિતો વચ્ચે સંવાદિતા સાધવાના અધિનિયમના ઉદ્દેશોને સિદ્ધ કરવાના હેતુસર વિવાદી દ્વારા પ્રમાણસર અરજીઓ કરવામાં આવે તેવું ઠરાવવું આયોગને અનિવાર્ય જણાય છે.

(૧૦) આવા સંજોગોમાં વિવાદી દ્વારા રજૂ કરવામાં આવતી અપીલ/ફરિયાદનું પ્રમાણ નિયત કરવું આયોગને જરૂરી જણાયું છે અને તેથી ઉદારતાપૂર્વક આયોગ દ્વારા એક કેલેન્ડર વર્ષમાં વધુમાં વધુ ૧૨(બાર) નમૂના-"ક" ની અરજીઓને પ્રસ્તુત અપીલના વિવાદીના કિસ્સામાં પ્રમાણસર ગણવામાં આવે છે. રાજ્યના તમામ નાગરિકો દ્વારા જો ૧૨(બાર) અરજીઓ કરવામાં આવે તો પણ વહીવટી તંત્ર ખોરવાઇ જાય! આમ છતાં, તમામ નાગરિકો દ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજીઓ કરવામાં આવતી નહીં હોવાથી તથા અધિનિયમના આમુખમાં દર્શાવેલ આદર્શો અને આયોગને સોંપવામાં આવેલ "સંવાદિતા સાધવાની" ફરજોને ધ્યાને લઇને, વિવાદી દ્વારા પ્રતિ વર્ષ માહિતી અધિકાર અધિનિયમ હેઠળની ૧૨(બાર) અરજીઓ વધુ જણાતી હોવા છતાં, આયોગ દ્વારા હાલના તબક્કે વિવાદીના કિસ્સામાં પ્રતિ વર્ષ માહિતી અધિકાર અધિનિયમ હેઠળની ૧૨(બાર) અરજીઓ ઉદારતાપૂર્વક પ્રમાણસર ગણવામાં આવે છે.

<u>ઉક્ત વિગતો ધ્યાને લઇને આયોગ દ્વારા વિવાદીને નીચે મુજબ આદેશો આપવામાં આવે છે:</u>

(૧) પ્રસ્તુત હુકમની તારીખથી પ્રત્યેક કેલેન્ડર વર્ષમાં માહિતી અધિકાર અધિનિયમ હેઠળ વધુમાં વધુ ૧૨ અરજીઓ કરી શકાશે.

(૨) આવી પ્રત્યેક અરજીમાં વધુમાં વધુ બે પ્રકરણને લગતી અને વધુમાં વધુ ૫(પાંચ) મુદ્દાઓમાં માહિતી માંગી શકાશે.

(3) પ્રસ્તુત હુકમની તારીખ બાદ જાહેર સત્તામંડળને કરવામાં આવતી પ્રત્યેક અરજીમાં તેઓએ નીચે મુજબની બાંહેધરી આપવાની રહેશે.

<u>"આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, આયોગ દ્વારા અપીલ નં.અ-૨૧૭૮-૨૦૨૪ અને અ-૨૭૩૯-૨૦૨૪માં તા.૦૧/૦૨/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ હુકમ અનુસાર, કુલ ૧૨(બાર) પૈકી પ્રસ્તુત અરજીનો ક્રમાંક .......... છે."</u> આ પ્રકારે બાંહેધરી દર્શાવી, વિવાદીએ તેની નીચે સહી અને તારીખ દર્શાવવાની રહેશે.

<u>રાજ્યના તમામ જાહેર સત્તામંડળના જાહેર માહિતી અધિકારીઓ અને પ્રથમ અપીલ સત્તાધિકારીઓને જણાવવામાં આવે છે કે</u>, આયોગના ઉક્ત હુકમ પ્રમાણે વિવાદી દ્વારા બાંહેધરી આપવામાં આવેલ ન હોય કે ૧૨ થી વધુ સંખ્યામાં અરજીઓ રજૂ કરવામાં આવેલ હોય તો, બાંહેધરી આપવામાં આવેલ ન હોવાના કારણસર અને/અથવા ૧૨ થી વધુ સંખ્યામાં અરજીઓ રજૂ કરેલ હોવાના કારણોસર વિવાદીની અરજી દફતરે કરવામાં આવે અને તેની વિવાદીને જાણ કરવામાં આવે.

<u>આયોગ દ્વારા સચિવને જણાવવામાં આવે છે કે</u>, આયોગના પ્રસ્તુત હુકમની નકલ રાજ્ય સરકારના તમામ વિભાગો અને વિભાગો હસ્તકના જાહેર સત્તામંડળને મોકલી આપી, તેનો અમલ કરવા માટે જણાવવામાં આવે.

<u>આયોગ દ્વારા રજીસ્ટ્રારને જણાવવામાં આવે છે કે</u>, આયોગના પ્રસ્તુત હુકમ બાદ, રજૂ થતી બીજી અપીલ/ફરિયાદને સંલગ્ન નમૂના-"ક"ની અરજીમાં વિવાદી

દ્વારા ઉપર મુજબની બાંહેધરી આપવામાં આવેલ ન હોય અથવા તેઓ દ્વારા એક કેલેન્ડર વર્ષમાં ૧૨ થી વધુ અરજી કરવામાં આવી હોય તો, ૧૨(બાર) થી વધુ અરજીઓ સંબંધમાં મળેલ તેઓની બીજી અપીલ/ફરિયાદ સુનાવણી માટે રજૂ કરવાની રહેશે નહીં. આવી અપીલ/ફરિયાદ દફતરે કરી, તેની વિવાદીને જાણ કરવામાં આવે.

ઉક્ત વિગતે જાહેર માહિતી અધિકારી દ્વારા આપવામાં આવેલ માહિતી/ પ્રત્યુત્તરની વિગતો ધ્યાને લેતા, જાહેર માહિતી અધિકારી વિરૂદ્ધ અધિનિયમની કલમ-૨૦(૧) અને/અથવા ૨૦(૨) હેઠળ કાર્યવાહી કરવાની કે વિવાદીને ખર્ચ કે વળતર ચૂકવવાની રજૂઆત ગ્રાહ્ય રાખવાપાત્ર નથી.

ઉક્ત હુકમો અન્વયે રજૂ થયેલ બન્ને અપીલ "નામંજૂર" કરવામાં આવે છે.

સહી/-
(ડૉ. સુભાષ સોની)
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત માહિતી આયોગ,
ગાંધીનગર

મુકાબલ કરનાર

કાયદા અધિકારી
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

પ્રમાણિત કરનાર

નાયબ સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર